SHRI GOPALDAS PATEL FOUNDATION
CONDUCTED
**SABAR GRAMSEVA MAHAVIDYALAYA, SONASAN**
Regi.No.-GUS/1186/8314/B. Dt.05/08/1987 ( NAAC- Grade"B" AAA- Grade "B" )
TA. : PRANTIJ DIST : SABARKANTHA, GUJARAT -383210 Mo.9428063728
Website: www.sabargram.com Email- sabargramseva@gmail.com
UNI. COLLEGE CODE: 080 HIGHER EDU. COLLEGE CODE: 66 (ZONE:93)

જાનં. સાગ્રામ/ /2024-25 તારીખ. / /2024

## જાહેર નિવિદાની સામાન્ય શરતો/ નિયમો

૧. સંપૂર્ણ ગુપ્તતા જળવાઈ એ રીતે આ પરીક્ષાઓની કામગીરી કરવાની રહેશે. કોઈપણ ગેરરીતિ કે ગુપ્તતા ભંગના કિસ્સામાં સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુંસાર દંડકીય કાર્યવાહી કરવામાં આવશે.

૨. OMR શીટની ડુપ્લિકેટ કોપી વિદ્યાર્થીને આપવાની હોઈ એ રીતે OMR શીટ તૈયાર કરવાની રહેશે. એટલે કે OMR શીટની ઓરિજનલ કોપી સંસ્થામાં સીલબંધ કવરમાં આપવાની રહેશે અને ડુપ્લિકેટ કોપી વિદ્યાર્થીને આપવાની રહેશે.

૩. પ્રશ્નપત્રના સેટ મુજબ આન્સર કી તૈયાર કરી તેનું યોગ્ય મૂલ્યાંકન નીચે મુજબ કરવાનું રહેશે.

- સાચા જવાબમાં ૦૧ માર્કસ
- જવાબ આપવા માગતા નથી એટલે કે ઓપસન E પસંદ કરેલ હોય તો તેના ૦૦ (શૂન્ય) માર્કસ.
- ખોટો જવાબ, જવાબ ન આપેલ હોય તથા છેકછાક વારા જવાબના -૦.૨૫ (માઇનસ ૦.૨૫)
- આન્સર શીટની ચકાસણી વરણી સમિતિના સભ્યો સમક્ષ સંસ્થામાં કરવામાં આવશે અને જે તે પરિક્ષાની રિઝલ્ટ શીટ તૈયાર કરવાની રહેશે.

૪. પ્રશ્નપત્રો સીલબંધ કવરમાં સંસ્થા દ્વારા આપવામાં આવશે. સંસ્થા દ્વારા સીલબંધ કવરમાં મળેલ છે તેવું પ્રમાણપત્ર સંસ્થાને આપવાનું રહેશે. તથા પરીક્ષા માટે આપે તૈયાર કરેલ પ્રશ્નપત્રો તથા OMR શીટ સીલબંધ કવરમાં લાવવાનું રહેશે તથા આ અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૫. નમૂનાના પ્રશ્નપત્ર તથા OMR શીટ વેબસાઇટ પર મુકેલ છે તે જોઈ લેવું. તે મુજબ પાર્ટ A ના એક થી ૬૦ ક્રમના પ્રશ્નો અને પાર્ટ B ના ૬૧ - ૨૧૦ ક્રમના પ્રશ્નો વાળું પ્રશ્નપત્ર તથા OMR શીટ તૈયાર કરવાની રહેશે. પરંતુ પાર્ટ A નું અને પાર્ટ B નું રીઝર્ટ અલગ અલગ કાઢી શકાય તેવી OMR શીટ તૈયાર કરવાની રહેશે. તથા પાર્ટ A અને પાર્ટ B નું અલગ રિઝલ્ટ કાઢી રિઝલ્ટ શીટ તૈયાર કરવાની રહેશે.

૬. પ્રશ્નપત્રમાં જવાબ આપવા માગતા નથી એવો પાંચમો ઓપસન E આપવાનો રહેશે.

૭. દરેક પ્રશ્નપત્રના પ્રશ્નો નો ક્રમ બદલી A,B,C અને D એવા ચાર પ્રકારના પ્રશ્નપત્રો તૈયાર કરવાના રહેશે.

૮. અગાઉ આ પ્રકારની કરેલ કામગીરીના અનુભવના આધાર પુરાવા ટેન્ડર સાથે જોડવાના રહેશે.